જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૧/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૪૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૧૧	૦	૧૧૭૧૧	૧૭૮૨૧	૦	૧૭૮૨૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૦	૦	૧૨૦	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૩૫૦૯	૧૪	૭૩૫૨૩	૭૪૫૮૩	૧૪	૭૪૫૯૭
કુલ		૯૦૦૭૩	૧૪	૯૦૦૮૭	૯૯૦૮૩	૧૪	૯૯૦૯૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૩૦	૧,૯૨,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૫	૧,૪૫,૦૦૦/-

જાહેરનામાનો ભંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રીના જાહેરનામાનો ભંગ કરી પોતાના કબ્જામા એક ધારદાર ખંજર લઇ જાહેરમા ફરતા ઇસમને છઠ્ઠ પુજાના બંદોબસ્ત દરમ્યાન શોધી પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મેઘાણીનગર ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમા અંબિકાનગર ખાતે છઠ્ઠ પુજાના તહેવાર અનુસનધાને કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ બંદોબસ્ત રાખેલ હોય જે બંદોબસ્ત દરમ્યાન આજરોજ સર્વેલન્સ સ્ક્વોડના પો.સબ ઇન્સ. વી એ હરકટ તથા સર્વેલન્સ સ્કોડના માણસો સાથે અંબિકાનગરના ખુલ્લા મેદાનમા પેટ્રોલીંગમા હતા. દરમ્યાન અંબિકાનગરના ખુલ્લા મેદાનમા જાહેરમાં એક ઇસમ પોલીસ સ્ટાફના માણસોને જોઇ ભાગવા જતા જે શકમંદ હાલતમા જણાતા સ્ટાફના માણસોએ દોડીને સદરી ઇસમને પકડી સદરીની પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા સદરીના પેન્ટના કમરના ભાગેથી એક લોખંડનુ કાળા કલરનુ ધારદાર ખંજર મળી આવેલ જે ખંજર એક બાજુ ધારદાર તથા અણીવાળુ છે. જે સાથે પકડી પાડેલ હોય જેથી સદરી ઇસમે મે.પોલીસ કમીશ્નર સા.શ્રી અમદાવાદ શહેર નાઓના જાહેરનામા ક્રમાંક વિ.શા./હથિયારબંધી જાહેરનામુ/એ-સેકશન/પરમીટ/૧૫૦/૨૦૨૧ તા.૨૭/૧૦/૨૦૨૧ ના જાહેરનામાનો ભંગ કરી મળી આવેલ હોય તો સદરી વિરૂધ્ધમા મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ.બી.ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૩૨૧૧૨૨૬/૨૦૨૧ જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબ કાયદેસર કાર્યવાહી કરેલ.

આરોપીનુ નામ સરનામુ

સુરજ ઉર્ફે ગુપ્તી સ/ઓફ જમનાપ્રસાદ મોહનલાલ જાતે-ગુપ્તા ઉ.વ-૨૭ રહેવાસી- દેસાઇની ચાલી પાણીની ટાંકી પાસે ગુરૂકુપાનગર ભાર્ગવ રોડ મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગાવ-માધવસિંગગોસીયા તા-ઓરાઇ જીલ્લો-ભદોઇ (ઉત્તરપ્રદેશ)

કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી

(૧) પો.સબ ઇન્સ. વી.એ.હરકટ (૨) એ.એસ.આઇ દિલીપકુમાર ઇશ્વરભાઇ બ.નં.૭૬૨ (૩) અનાર્મ પો.કો. નિરજસિંહ ચંદ્રમાસિંહ બ.નં.૫૦૬૩ (૪) અનાર્મ પો.કો. ભદ્રેશસિંહ બાબુભાઇ બ.નં.૩૧૬૦ (૫) અનાર્મ લોકરક્ષક સુરપાલસિંહ અમરસિંહ બ.નં-૧૪૮૦ (૬) પાર્થ ધર્મેન્દ્રકુમાર બ.નં.૧૧૬૪૮ (૭) રીતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫



નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

જી.યુ.વી.એન.એલ પોલીસ સ્ટેશન સાબરમતી અમદાવાદ ના વીજ ચોરીના ગુન્હામાં પોતાની અટકાયત ટાળવા નાસતા ફરતા ઇસમને પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કવોડ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડિવિઝન નાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓને તથા મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા અવાર નવાર સુચના આપેલ હોય જે અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર આર.એચ.સોલંકી સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ ઉપરોકત મુજબની કામગીરી કરવા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા સા.શ્રીની સુચનાથી મ.સ.ઇ નારણભાઇ મુળજીભાઇ બ.નં.૭૫૫૭ તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કોન્સ. યુવરાજસિંહ હન્દ્રપસિંહ બ.નં.૬૪૨૮ તથા અ.પો.કોન્સ સુરેન્દ્રસિંહ અમ્રુતસિંહ બ.ન.૬૬૨૫ નાઓને મળેલ સંયુકત બતામી હકિકત આધારે જમાલપુર ચકલા અલીફ મેડીકલ સ્ટોર્શ આગળ એક ઇસમ નામે નામ શકીલભાઇ મુસાભાઇ પટેલ ઉ.વ.૪૭ ધંધો.નોકરી રહે. મ.નં.૩૨૨ કોહીનુર મંઝીલ મોટી સોદાગરની પોળ ગલી નં-૧ મસ્જીદની પાછળ જમાલપુર અમદાવાદ શહેર નાનો મળી આવેલ હોય અને સદરી ઇસમ વિરૂધ્ધ જી.યુ.વી.એન.એલ પોલીસ સ્ટેશન સાબરમતી અમદાવાદ ખાતે ગુ.ર.નં-૪૩૮૦/૨૦૨૧ ધી.ઇન્ડી.ઇલે.સીટી એક્ટ ૨૦૦૩ ની કલમ-૧૩૫(૧)(બી), ૧૫૦ મુજબનો ગુન્હા દાખલ થયેલ હોય અને સદરી પોતાની અટકાયત ટાળવા નાસતો ફરતો હોય જેથી સદરી ઇસમને સી.આર.પી.સી કલમ-૪૧(૧)(આઇ) મુજબ અટક કરી જી.યુ.વી.એન.એલ પોલીસ સ્ટેશન સાબરમતી અમદાવાદ ખાતે સોપવા તજવીજ કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.તા.૧૦/૧૧/૨૦૨૧



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૫૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૧૩ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૫૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ **સમાચાર યાદી નં.૨૦૫૨/૨૦૨૧**

કારંજઃ મુળજીભાઇ અરજણભાઇ રાઠોડ (ઉ.વ.૫૦) (રહે.ગામ-ગ્યાસપુર ભરતભાઇ ઠાકોરના ખેતરના છાપરામાં તા-દસકોઇ જી-અમદાવાદ) ના અઢાર વર્ષના પુત્રએ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેને જીવરાજ મહેતા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં હોસ્પીટલના કંપાઉન્ડમાં મુળજીભાઈને અજાણ્યા પુરૂષે હોસ્પિટલના બીલ ભરવા માટે રૂપિયા ૧,૦૭,૦૦૦/- સરકારી સહાયમાંથી મંજુર કરાવવાની વાત કરી વિશ્વાસમાં લઈ અઢાર ટકા લેખે રૂપિયા ૧૮,૦૦૦/- કારંજ અપના બજાર બિલ્ડીંગ ખાતે ટેક્સ ભરવાની વાત કરી તા.૧૦/૧૧/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે મુળજીભાઈ પાસેથી રૂપિયા ૧૮,૦૦૦/- મેળવી લઈ મુળજીભાઈને કારંજ અપના બજાર બિલ્ડીંગ સામે ઉભા રાખી અપના બજાર બિલ્ડીંગમાં પૈસા ભરવાનુ કહી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ અંગેની ફરીયાદ મુળજીભાઈ રાઠોડે કારંજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.મકરાણી ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૦૫૩/૨૦૨૧**

સેટેલાઈટઃ હર્ષદભાઈ ધીરૂભાઈ ઝાટકીયા (રહે. માણેકબાગ સોસાયટી નહેરૂનગર પાસે ટોરેન્ટ પાવરની બાજુમાં સેટેલાઈટ) એ તા.૧૦/૧૧/૨૦૨૧ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૧/૨૦૨૧ સવારના ૮/૩૦ થી તા.૧૦/૧૧/૨૦૨૧ બપોરના ૧/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના ડાઈનીંગ રૂમની બારીનો કાચ અને ગ્રીલ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના, ચાંદીના સિક્કા આશરે નંગ-૬૦, રાડો કંપનીની ઘડીયાળ તેમજ એપલ આઈપોડ અને રોકડ રૂપિયા ૨,૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૩,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.બી.મહેતા ચલાવે છે.

વાહન ચોરીઃ- **સમાચાર યાદી નં.૨૦૫૪/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ નિમેશભાઈ રણછોડભાઈ પટેલ (રહે. ભાગવત બંગ્લોઝ બાગબાન પાર્ટીપ્લોટ પાસે થલતેજ) એ તા.૧૬/૧૦/૨૦૨૧ સાંજના ૫/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની આઈવા ગાડી (ટીપર બોડી) નંબર જીજે ૦૧ સીવી ૧૭૩૨ કિમત રૂપિયા ૧૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૨/૧૦/૨૦૨૧ બપોરના ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ નિમેશભાઈ પટેલે તા.૧૦/૧૧/૨૦૨૧ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.જાદવ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૦૫૫/૨૦૨૧**

શહેરકોટડાઃ મંથન અશોકભાઇ રાઠોડ (ઉ.વ.૨૨) (રહે. સવગુણનગર ઇટવાડા સરસપુર) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે તિક્ષ્ણ વસ્તુ વડે જમણા હાથના કાંડાના ભાગે ઘા મારી ઇજા કરી પોતાની જાતે છતના હુકમાં નાઇલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિનેશકુમાર કરશનભાઇ ચલાવે છે.

રિવરફ્રંટ વેસ્ટઃ નર્મદા ઉર્ફે વિમા ડો/ઓ ભરતભાઇ ભાટી (ઉ.વ.૨૧) (રહે. હીરાલાલની ચાલી ઇશ્વરલાલની ચાલીની બાજુમા, ગીતામંદીર પાછળ લાઠી બજાર નં.૨ સામે કાગડાપીઠ) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૧/૨૦૨૧ કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે જમાલપુર બ્રીજ પાસે રીવરફ્રન્ટ વોકવે રેમ્પ નંબર-૨ નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

માધવપુરાઃ રાણીપ ભક્તિનગર રોડ શ્રધ્ધા હોસ્પીટલ સામે રાજ એપાર્ટમેન્ટ ખાતે રહેતા અને મહેંદીકુવા અગ્રવાલ એસ્ટેટ ખાતે આવેલ દુકાન નં.૦૪ કિન્ની ઓફસેટ નામના કારખાનામાં કામ કરતા જીગ્નેશભાઇ અરવિંદભાઇ પંચાલ (ઉ.વ.૪૧) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૧/૨૦૨૧ બપોરના ૨/૪૫ વાગ્યા પહેલા કારખાનામાં માલ સામાન ઉપર-નીચે લાવવા લઇ જવા માટેની લિફ્ટ ઉપરના લોખંડની સી ચેનલ ઉપર ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનાજી રૂગનાથજી ચલાવે છે.

નિકોલઃ રાજેશભાઇ ત્રીભુવનદાસ પંચાસરા (ઉ.વ.૪૫) (રહે. દેવનંદર પાર્ક ફ્લેટ ન્યુ ઇંડીયા કોલોની નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૧/૨૦૨૧ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કીપાલસિહ વજુભા ચલાવે છે.

બાપુનગરઃ નિકોલ મંગલપાંડે હોલ પાસે પંચવટી ચાર માળીયા ખાતે રહેતા અને બાપુનગર સનરાઇજ કોમ્પ્લેક્ષમા બીજા માળે એમ્બ્રોડરીના કારખાનામાં કામ કરતા સોનુ ઉર્ફે ગીરીરાજ ગંભીરસિહ કંડેરે (ઉ.વ.૨૮) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૧/૨૦૨૧ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા કારખાનાના સંડાસમા છતના ભાગે લોખંડની પાણીની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નટવરસિંહ કાવાજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.